For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ગોત્રી GMERS હોસ્પિટલમાં બાળક સારવાર હેઠળ, પુણે અને ગાંધીનગરની લેબમાં નમૂના મોકલાયા

# વડોદરા શહેરમાં ચાંદીપુરા વાયરસની દસ્તક, ભાયલીના ૩ વર્ષના બાળકમાં શંકાસ્પદ લક્ષણો

**આરોગ્ય** તંત્ર એલર્ટ મોડમાં, બાળકોમાં તાવ-આંચકી જેવા લક્ષણો દેખાય તો તાત્કાલિક સારવારની અપીલ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૮

રાજ્યમાં હાહાકાર મચાવનાર જીવલેણ ચાંદીપુરા વાયરસનો હવે વડોદરા શહેરમાં પણ પ્રવેશ થયો છે. અત્યાર સુધી જિલ્લા બહારના કેસો નોંધાતા હતા, પરંતુ હવે શહેરના ભાયલી વિસ્તારમાં રહેતા ૩ વર્ષના બાળકમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો જોવા મળતા વડોદરાની ગોત્રી GMERS હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ ઘટનાને પગલે વડોદરાના આરોગ્ય વિભાગમાં ખળભળાટ મચી ગયો છે.

અગાઉ સયાજી હોસ્પિટલમાં વડોદરા જિલ્લા બહારના ૧૦ શંકાસ્પદ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાં સારવાર દરમિયાન ૨ બાળકોના મોત નિપજ્યા છે, જ્યારે ૩ બાળકો હાલમાં પણ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. હવે શહેરનો પ્રથમ કેસ સામે આવતા તંત્ર સતર્ક બન્યું છે. ભાયલીના બાળકના લોહીના નમૂના રિપોર્ટ માટે પુણે અને ગાંધીનગરની લેબમાં મોકલી આપવામાં આવ્યા છે. ચાંદીપુરા વાયરસ મુખ્યત્વે રેત માખી, મચ્છર અને ઈતરડીના કરડવાથી ફેલાય છે. ૧૫ વર્ષથી નાની ઉંમરના બાળકોમાં આ વાયરસ ખૂબ જ ઝડપથી અસર કરે છે અને ઘાતક સાબિત થઈ શકે છે. ચાંદીપુરા વાયરસમાં સમય ખૂબ કિંમતી છે. ઘરેલુ ઉપચાર કે તાંત્રિક વિધિના રવાડે ચડ્યા વિના તાત્કાલિક મેડિકલ સારવાર લેવી એ જ જીવન બચાવવાનો એકમાત્ર માર્ગ છે. નાગરિકોએ ગભરાવાની જરૂર નથી, પરંતુ અત્યંત સતર્ક રહેવાની જરૂર છે. શંકાસ્પદ લક્ષણો જણાતા જ આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરી સહકાર આપવો.

### રિપોર્ટ આવ્યા પછી જ જાણવા મળશે

બાળકમાં ચાંદીપુરા વાયરસ હોય એવું પ્રાથમિક દ્રષ્ટિએ લાગતું નથી. બાળકને એક અઠવાડિયા પહેલાં પણ સારવાર અર્થે અહીંયા દાખલ કરવામાં આવ્યું હતું. અનુમાન મુજબ બાળકને ટી.બી ની અસર હોય તેમ લાગી રહ્યું છે. પરંતુ સાવચેતીના ભાગરૂપે બાળકના લોહીનાં નમૂના લઈને ગાંધીનગરની લેબમાં મોકલી આપવામાં આવ્યા છે. લોહીનાં રિપોર્ટ આવ્યા પછી જ સાચી માહિતી જાણવા મળશે. - **ડો.અનુપ ચંદાણી,** સુપ્રિટેન્ડેન્ટ, ગોત્રી હોસ્પિટલ

### કાલોલમાં ચાંદીપુરા વાયરસનો શંકાસ્પદ કેસ, ૨૦ મહિનાની બાળકી સારવાર હેઠળ

**કાલોલ** : કાલોલ તાલુકામાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસને લઈને આરોગ્ય તંત્ર સતર્ક બન્યું છે. અમન પાર્ક વિસ્તારની 20 મહિનાની ફાતિમા શાહબાઝ વાઘેલાને ઊંચો તાવ આવતાં ગોધરા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. અગાઉ પણ એક બાળકનું શંકાસ્પદ કેસમાં મોત થયું હતું, જોકે રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો.

બાઈક પર આવેલા બે માસ્કધારી તસ્કરો CCTV કેમેરામાં કેદ

# માત્ર ૧૦ થી ૧૫ મિનિટમાં 'ફોન બુક' સાફ! શટર ઊંચું કરી ૫૦ લાખથી વધુના મોબાઈલની ચોરી

**આજવા** રોડ પરના શોરૂમમાંથી ૫૦થી ૭૦ નંગ મોંઘા મોબાઇલ અને ગલ્લામાંથી રૂ.૧૫ હજારની રોકડ લઈ ચોરો ફરાર



(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા શહેરમાં તસ્કરોએ ફરી એકવાર પોલીસને પડકાર ફેંક્યો છે. આજવા રોડ પર શ્રી હરિ ટાઉનશીપના 'ફોન બુક' મોબાઈલ શોરૂમમાં મોડી રાત્રે બે માસ્કધારી તસ્કરો શટર ઊંચું કરી અંદર ઘૂસ્યા હતા અને આઈફોન, સેમસંગ તેમજ વીવો કંપનીના અંદાજે 50થી 70 નંગ મોંઘા મોબાઈલ સહિત રૂ.50 લાખથી વધુનો મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ થતાં પોલીસે ટેકનિકલ પુરાવાના આધારે આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

વડોદરાના આજવા રોડ વિસ્તારમાં શ્રી હરિ ટાઉનશીપ સ્થિત 'ફોન બુક' મોબાઈલ શોરૂમને મોડી રાત્રે તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. પ્રાથમિક માહિતી મુજબ બે અજાણ્યા શખ્સો બાઈક પર આવ્યા હતા. બંનેએ માસ્ક અને કાળા કપડાં પહેર્યા હતા ત્યારબાદ તેમણે શોરૂમનું શટર અડધું ઊંચું કરી અંદર પ્રવેશ કર્યો અને ગણતરીની મિનિટોમાં કિંમતી મોબાઈલ ફોન સમેટી લીધા હતા.

તસ્કરો આઈફોન, સેમસંગ અને વીવો કંપનીના અંદાજે 50થી 70 મોંઘા મોબાઈલ ફોન તેમજ ગલ્લામાં રહેલા રૂ.15 હજારની રોકડ લઈને ફરાર થઈ ગયા હતા. ચોરી થયેલા મોબાઈલની કુલ કિંમત રૂ.50 લાખથી વધુ હોવાનું પ્રાથમિક અંદાજ છે. સવારે દુકાનના માલિક ધર્મેન્દ્ર ત્રિલોકાની શોરૂમ ખોલવા પહોંચ્યા ત્યારે અંદરનો સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો. તપાસ કરતાં કિંમતી મોબાઈલ અને રોકડ ગાયબ હોવાનું સામે આવતા તરત જ પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવની માહિતી મળતા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી ફોરેન્સિક અને અન્ય ટેકનિકલ પુરાવા એકત્ર કર્યા છે તેમજ દુકાનમાં લાગેલા CCTV ફૂટેજ કબજે કર્યા છે. ફૂટેજમાં બે માસ્કધારી તસ્કરો ચોરી કરતા સ્પષ્ટ દેખાતા હોવાથી તેમની ઓળખ માટે તપાસ તેજ કરવામાં આવી છે.શોરૂમના સંચાલક ધર્મેન્દ્ર ત્રિલોકાનીએ જણાવ્યું હતું કે, બાઈક પર આવેલા બે ચોરોએ શટર ઊંચું કરીને અંદર પ્રવેશ કર્યો હતો અને રૂ.50 લાખથી વધુ કિંમતના મોબાઈલ તથા રૂ.15 હજારની રોકડ ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

# વડોદરામાં વરસાદે વિરામ લેતા ઉકળાટ અને બફારો યથાવત

**તાપમાન** ૩૪.૮ ડીગ્રી નોંધાયું, ૨૧ જુલાઈથી બંગાળના ઉપસાગરમાં નવી સિસ્ટમ સક્રિય થતાં ભારે વરસાદની શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

શહેરમાં આગામી એક સપ્તાહ સુધી વરસાદી માહોલ યથાવત્ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે 18થી 24 જુલાઈ દરમિયાન વડોદરામાં ગાજવીજ અને વીજળીના કડાકા સાથે વરસાદની આગાહી કરી છે. હાલ તાપમાનમાં ખાસ ફેરફારની શક્યતા ન હોવા છતાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઊંચું રહેતાં ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે.

શનિવારે વડોદરાનું મહત્તમ તાપમાન 34.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં 2.2 ડિગ્રી વધુ છે. જ્યારે લઘુત્તમ તાપમાન 26.4 ડિગ્રી રહ્યું હતું. છેલ્લા 24 કલાક દરમિયાન શહેરમાં વરસાદ નોંધાયો નહોતો. સવારે હવામાં ભેજનું પ્રમાણ 83 ટકા અને સાંજે 55 ટકા નોંધાતા દિવસ દરમિયાન ભેજયુક્ત વાતાવરણ જોવા મળ્યું હતું.

હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ 21 જુલાઈની આસપાસ બંગાળના ઉપસાગરમાં નવું લો-પ્રેશર સિસ્ટમ સક્રિય થવાની શક્યતા છે. તેના પ્રભાવ હેઠળ 21થી 25 જુલાઈ દરમિયાન ગુજરાતના વિવિધ વિસ્તારોમાં સારો વરસાદ થઈ શકે છે. ખાસ કરીને મધ્ય ગુજરાતના વડોદરા, મહીસાગર સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં પણ સારા વરસાદની આગાહી કરવામાં આવી છે.

નિષ્ણાતોના અનુમાન પ્રમાણે ઓગસ્ટ મહિનાની શરૂઆતમાં પણ અણધાર્યો વરસાદ પડી શકે છે. સમગ્ર ઓગસ્ટ દરમિયાન રાજ્યમાં સારો વરસાદ રહેવાની સંભાવના છે. કેટલાક વિસ્તારોમાં 2થી 4 ઈંચ સુધી વરસાદ નોંધાઈ શકે છે. વરસાદને પગલે ખેડૂતોમાં આશા જાગી છે.

વડોદરાની ખોડરાજ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો સંચાલક ફરાર

# 'ચારધામ'ની યાત્રાના નામે ઠગાઈ..!

## રૂ.૧૫.૪૨ લાખ વસૂલ્યા બાદ ૪૮ શ્રદ્ધાળુઓને ઋષિકેશમાં રઝળતા મૂકી દીધા

**યુવકે** પોતાના ખર્ચે રૂ.૬ લાખ ખર્ચીને તમામ યાત્રાળુઓને સુરક્ષિત પરત લાવ્યા, ઠગે મોબાઈલ બંધ કરી દેતા આખરે પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ ) વડોદરા તા.18

ચારધામ યાત્રાના નામે શ્રદ્ધાળુઓનો વિશ્વાસ જીતી લાખો રૂપિયા ઉઘરાવનાર વડોદરાના એક ટ્રાવેલ્સ સંચાલકની કથિત ઠગાઈ સામે આવી છે. 48 યાત્રાળુઓને ઋષિકેશમાં નિરાધાર હાલતમાં છોડી સંચાલક ફરાર થઈ જતાં યાત્રાળુઓ મુશ્કેલીમાં મુકાયા હતા. આખરે એક યુવકે પોતાના ખર્ચે યાત્રા પૂર્ણ કરાવી તમામને સુરક્ષિત વતન પહોંચાડ્યા બાદ આરોપી સામે વડોદરા પોલીસમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પાટણ જિલ્લાના શંખેશ્વર તાલુકાના મોટીચંદુર ગામના ખેડૂત હરેશભાઈ અમરાભાઈ રથવીએ સોશિયલ મીડિયા પર વડોદરાની ખોડલરાજ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સની જાહેરાત જોઈ હતી. ત્યારબાદ સંચાલક કુલદીપ મહેન્દ્રભાઈ પંડ્યાનો સંપર્ક કરી પોતાના ગામ તેમજ આસપાસના 48 શ્રદ્ધાળુઓ માટે ઓમકારેશ્વર, ઉજ્જૈન, કાશી, અયોધ્યા અને ચારધામ સહિતની 23 દિવસીય યાત્રાનું આયોજન કરાવ્યું હતું.

પ્રવાસ માટે રૂ.15.62 લાખ ચૂકવવાના નક્કી થયા હતા, જેમાંથી ઓનલાઈન અને રોકડ મળી રૂ.15.42 લાખની ચુકવણી કરવામાં આવી હતી. 23 મે, 2024ના રોજ લક્ઝરી બસ મારફતે યાત્રાનો પ્રારંભ થયો હતો. હરિદ્વાર પહોંચ્યા બાદ ટ્રાવેલ્સ સંચાલકે બાકીની રકમની માંગણી કરી યાત્રા અટકાવવાની ધમકી આપી વધુ રૂપિયા પણ વસૂલ્યા હતા.

6 જૂનના રોજ ઋષિકેશમાં રસોડાની ગાડીના ભાડાને લઈને વિવાદ થયો હતો. આ દરમિયાન કુલદીપ પંડ્યાએ ગેસનો બાટલો ભરાવવા જવાનું કહી સ્થળ છોડ્યું અને ત્યારબાદ તેનો મોબાઈલ બંધ થઈ ગયો. સંચાલક ફરાર થઈ જતાં તમામ 48 યાત્રાળુઓ રસ્તા વચ્ચે મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા.

આ સંજોગોમાં હરેશભાઈ રથવીએ જવાબદારી સંભાળી પોતાના ખિસ્સામાંથી આશરે રૂપિયા ખર્ચીને બસનું ભાડું, રહેવા-જમવાની વ્યવસ્થા સહિતનો ખર્ચ ઉઠાવ્યો અને બાકીના નવ દિવસની યાત્રા પૂર્ણ કરાવી હતી. 12 જૂને તમામ યાત્રાળુઓને સુરક્ષિત રીતે પરત લાવવામાં આવ્યા હતા. સમગ્ર ઘટનામાં તેમને અંદાજે રૂ.6 લાખનું આર્થિક નુકસાન છે.

વતન પરત આવ્યા બાદ હરેશભાઈએ આરોપીના સસરાની મધ્યસ્થીથી સમાધાનનો પ્રયાસ કર્યો હતો. શરૂઆતમાં થોડા રૂપિયા પરત આપવાની ખાતરી અપાઈ હતી, પરંતુ બાદમાં પૈસા ચૂકવવાનો સ્પષ્ટ ઈનકાર કરવામાં આવ્યો હતો. આખરે હરેશભાઈ રથવીએ વડોદરાના ટ્રાવેલ્સ સંચાલક કુલદીપ મહેન્દ્ર પંડ્યા સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

# MSU હિટ એન્ડ રન કેસનો ભેદ ઉકેલાયો: કારચાલકની ધરપકડ

**CCTV** અને ટોઈંગ સર્વિસની કડીથી ૨૧ વર્ષીય હર્ષ મેડા સુધી પહોંચી પોલીસ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરામાં એમ.એસ. યુનિવર્સિટીના વિદ્યાર્થીના જીવલેણ હિટ એન્ડ રન કેસમાં હરણી પોલીસને મહત્વની



સફળતા મળી છે. કારેલીબાગ વિસ્તારમાં ત્રણ વિદ્યાર્થીઓને અડફેટે લઈ એક વિદ્યાર્થીના મોતના કેસમાં પોલીસે CCTV ફૂટેજ અને ટેકનિકલ તપાસના આધારે અકસ્માત સર્જનાર i20 કાર અને તેના 21 વર્ષીય ચાલક હર્ષ મેડાની ધરપકડ કરી છે.

એમ.એસ. યુનિવર્સિટીના એમ.વી. હોલમાં રહેતા અને સાયન્સ ફેકલ્ટીના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા ત્રણ વિદ્યાર્થીઓ કારેલીબાગ વિસ્તારમાં મોડી રાત્રે હિટ એન્ડ રન અકસ્માતનો ભોગ બન્યા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે ત્રણેય વિદ્યાર્થીઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ગંભીર રીતે ઘાયલ થયેલા વિદ્યાર્થી ઋતુરાજનું સારવાર દરમિયાન કરુણ મોત નિપજ્યું હતું. બનાવ અંગે હરણી પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે તાત્કાલિક તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ઘટનાસ્થળ અને આસપાસના વિસ્તારોના CCTV ફૂટેજની તપાસ દરમિયાન અકસ્માત સર્જનાર નંબર પ્લેટ વગરની i20 કાર ઘટના બાદ હાલોલ તરફ ભાગી ગઈ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે વધુ તપાસ કરતાં જાણવા મળ્યું કે અકસ્માત બાદ કાર હાલોલ નજીક બ્રેકડાઉન થઈ હતી અને કારચાલકે ટોઈંગ સર્વિસની મદદથી તેને અન્ય સ્થળે ખસેડાવી હતી. આ મહત્વપૂર્ણ માહિતીના આધારે કારને શોધી જપ્ત કરવા સાથે 21 વર્ષીય હર્ષ મેડાની ઓળખ કરી તેની ધરપકડ કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સ્થાનિક પ્રશ્નોથી ત્રસ્ત જનતા વચ્ચે નેતાઓની દોડધામ

# માંજલપુરમાં ચૂંટણીનો ફીકો રંગ જનતા ઉદાસીન, કાર્યકરો ગેરહાજર!

**ભાજપ**-કોંગ્રેસ બંને પક્ષોમાં જમીની સ્તરે પ્રચાર નબળો પડ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠક પર યોજાનારી પેટાચૂંટણીનો માહોલ દિન-પ્રતિદિન વધુને વધુ નીરસ બની રહ્યો છે. પરંપરાગત રીતે હાઈ-વોલ્ટેજ ગણાતી આ બેઠક પર આ વખતે પ્રચાર દરમિયાન ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોના કાર્યકરોની હાજરી નહિવત અથવા પાંખી જોવા મળી રહી છે, જેના કારણે ચૂંટણીનો અસલી રોમાંચ ગાયબ થઈ ગયો છે.

સ્થાનિક રાજકીય વિશ્લેષકોના મતે, આ નીરસતા પાછળનું મુખ્ય કારણ ભાજપ દ્વારા કરવામાં આવેલી ઉમેદવારની અણધારી પસંદગી છે. માંજલપુર બેઠક માટે સેન્સ પ્રક્રિયા દરમિયાન ૧૦૪ જેટલા સ્થાનિક અગ્રણીઓએ મજબૂત દાવેદારી નોંધાવી હતી. જોકે, સ્થાનિક દાવેદારોને બાજુ પર મૂકીને પક્ષ દ્વારા સતીષ પટેલના નામની અચાનક જાહેરાત કરવામાં આવતા સંગઠન અને દાવેદારોમાં ભારે અસંતોષ અને છૂપો રોષ ફાટી નીકળ્યો છે. આ આયાતી અથવા અણધાર્યા ઉમેદવાર લાદવામાં આવતા ભાજપના સ્થાનિક વરિષ્ઠ આગેવાનો અને અસંતુષ્ટ કાર્યકરોએ મન મનાવી લીધું છે અને આ ઉમેદવારને માત્ર એક 'નાઈટ વોચમેન' સમાન ગણી રહ્યા છે. તેમનું માનવું છે કે આ ગોઠવણ માત્ર સમય પસાર કરવા પૂરતી જ છે, જેના કારણે કાર્યકરોમાં પ્રચાર માટેનો કોઈ ઉત્સાહ બચ્યો નથી.

બીજી તરફ, કોંગ્રેસે પૂર્વ મંત્રી ભીખાભાઈ રબારીને મેદાનમાં ઉતારીને મોટો દાવ ખેલવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ ત્યાં પણ સ્થિતિ બહુ અલગ નથી. કોંગ્રેસના કાર્યકરો પણ લાંબા સમયની નિષ્ક્રિયતા અને આંતરિક જૂથબંધીના કારણે જમીની સ્તરે સક્રિય દેખાઈ રહ્યા નથી. પરિણામે, બંને પક્ષોના મોટા નેતાઓની હાજરી હોવા છતાં, સામાન્ય કાર્યકર્તાઓ અને મતદારોમાં ચૂંટણીને લઈને ભારે ઉદાસીનતા પ્રવર્તી રહી છે. ચોમાસાની મોસમમાં સ્થાનિક સ્તરે રોડ-રસ્તા અને પાણી ભરાવાની ગંભીર સમસ્યાઓથી ત્રસ્ત જનતા પણ નેતાઓના વચનોથી કંટાળી ચૂકી છે. કાર્યકરોની પાંખી હાજરી અને જનતાની નીરસતા વચ્ચે યોજાઈ રહેલી આ પેટાચૂંટણી આગામી દિવસોમાં કેવું પરિણામ લાવશે તેના પર સૌની નજર મંડાયેલી છે.

# સગીરાનો સોશિયલ મીડિયા પરથી પીછો કરનાર સામે પોક્સો સહિત કલમો હેઠળ ગુનો નોંધાયો

**ઇન્સ્ટાગ્રામ** અને વોટ્સએપ પર સતત મેસેજ કરી હેરાન કરતો હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરાના સમા વિસ્તારમાં 17 વર્ષની સગીરાનો સોશિયલ મીડિયા મારફતે સતત પીછો કરી હેરાનગતિ કરવાના આરોપસર એક યુવક સામે ભારતીય ન્યાય સંહિતા તેમજ પોક્સોના કાયદા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

વડોદરા શહેરના સમા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ દિલ્હી ડિવિઝન વિસ્તારમાં રહેતા નમન રાઠોડ સામે જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આરોપીએ તા. 1 ફેબ્રુઆરી, 2026થી 17 જુલાઈ, 2026 દરમિયાન 17 વર્ષની સગીર વયની પુત્રીને ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ મારફતે અવારનવાર મેસેજ કરીને સતત સંપર્કમાં રહેવાનો પ્રયાસ કર્યો હતો. ઉપરાંત સોશિયલ મીડિયા સહિતના ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા સગીરાની હિલચાલ પર નજર રાખી તેનો પીછો કરી હેરાનગતિ પહોંચાડ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે 17 જુલાઈના રોજ સમા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ગુનો નોંધાયો હતો. ગુનાની વધુ તપાસ પોલીસ સબ-ઈન્સ્પેક્ટર યુ.એચ. વસાવા દ્વારા હાથ ધરવામાં આવી છે. પોલીસે ડિજિટલ પુરાવાઓના આધારે સમગ્ર મામલે આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સગીરાઓ તથા યુવતીઓ ઉપર બળાત્કાર તથા તેમની સાથે છેડતીના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે ત્યારે પોલીસે આ બાબતે કડક એક્સન લઈને આવા તત્વો સામે કાર્યવાહી કડક કરવી જોઈએ.

નકલી વિઝાના દસ્તાવેજો પધરાવી મહિલા કન્સલ્ટન્ટ અને પરિવારે રૂપિયા પડાવ્યા

# બેલારૂસના વર્ક વિઝાના નામે અમદાવાદની મહિલા સાથે રૂ.૬ લાખની છેતરપિંડી

**આખરે** વિઝા નહીં મળતા મહિલાએ રૂપિયા પરત માગ્યા તો રૂપિયા નહીં મળે તારાથી થાય તે કરી લેજે" કહી ધમકી આપી

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વિદેશમાં સારી નોકરી અને ઉજ્જવળ ભવિષ્યના સપના બતાવી બેલારૂસનો વર્ક વિઝા અપાવવાના બહાને અમદાવાદની મહિલાથી રૂ.6 લાખ પડાવી છેતરપિંડી આચરાયાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. રૂપિયા લીધા બાદ નકલી વિઝા સંબંધિત દસ્તાવેજો આપી વિદેશ મોકલવામાં નિષ્ફળ રહેતા અને રૂપિયા પરત માંગતા ધમકી અપાઈ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સમગ્ર મામલે વાઘોડિયા રોડ પોલીસ મથકે મહિલા કન્સલ્ટન્ટ સહિત તેમના પરિવાર સામે ગુનો નોંધાઈ વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

ફરિયાદ મુજબ અમદાવાદના પાલડી વિસ્તારમાં રહેતી આર્યાબેન વિરલભાઈ ઠાકોરનો વર્ષ 2025 દરમિયાન મિત્ર રવિ ઉર્ફે દિવ્યેશ પટેલ મારફતે વડોદરાના વાઘોડિયા રોડ સ્થિત 'પ્રમુખ કન્સલ્ટન્સી'ની સંચાલક રેશ્માબેન કલ્પેશભાઈ પટેલ સાથે સંપર્ક થયો હતો. રેશ્માબેને બેલારૂસમાં નોકરી અને વર્ક વિઝા અપાવવાની ખાતરી આપી સમગ્ર પ્રક્રિયા માટે રૂ.6 લાખ ખર્ચ થવાનો દાવો કર્યો હતો.

આર્યાબેને પ્રથમ તબક્કે રૂ.1.26 લાખ રોકડા આપ્યા હતા, પરંતુ તેની કોઈ રસીદ આપવામાં આવી નહોતી. બાદમાં માત્ર રૂ.26 હજાર પરત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ વિઝા પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરાવવાના બહાને વધુ રૂ.5 લાખની માંગણી કરવામાં આવી હતી. ફરિયાદ મુજબ આ રકમ ખંભાત ખાતે રેશ્માબેન, તેમના પતિ કલ્પેશ પટેલ, પુત્ર હેત પટેલ અને અન્ય પરિવારજનોની હાજરીમાં સોંપવામાં આવી હતી.

મહિનાઓ વીતી ગયા છતાં વિઝાની પ્રક્રિયા પૂર્ણ ન થતાં આરોપીઓએ વોટ્સએપ મારફતે કથિત ઓફર લેટર, એકોમોડેશન લેટર તેમજ ખોટું બેંક બેલેન્સ સર્ટિફિકેટ મોકલ્યાનો આરોપ છે. મુંબઈમાં વિઝા એપોઈન્ટમેન્ટ માટે ટિકિટ બુક કરાવ્યા બાદ 'સર્વર ક્રેશ'નું બહાનું બતાવી પ્રવાસ પણ રદ કરાયો હતો. બાદમાં બેલારૂસમાં કન્સ્ટ્રક્શન ક્ષેત્રની નોકરી હોવાનું જાણવા મળતા આર્યાબેને રૂપિયા પરત માંગ્યા હતા. જોકે આરોપીઓએ "રૂપિયા પરત નહીં મળે, તારાથી થાય તે કરી લેજે" કહી ધમકી આપ્યાનો આક્ષેપ છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

CRISIL રિપોર્ટમાં દેશના પસંદગીના ટિયર-૨ શહેરોમાં સ્થાન

# મધ્યમવર્ગના ઘરનું નવું સરનામું બની રહ્યું છે વડોદરા

**પોસાય** તેવા ઘર, રોજગારી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરે વધાર્યું આકર્ષણ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 18

મધ્યમવર્ગીય પરિવારો માટે પોતાનું ઘર ખરીદવાનું સ્વપ્ન હવે માત્ર મહાનગરો પૂરતું મર્યાદિત રહ્યું નથી. CRISIL રિસર્ચના 'Housing Hotspots' રિપોર્ટ મુજબ, વડોદરા દેશના એવા પસંદગીના ટિયર-2 શહેરોમાં સ્થાન પામ્યું છે, જે મધ્યમવર્ગના ઘર ખરીદનારાઓ માટે સૌથી વધુ આકર્ષક બની રહ્યા છે.

રિપોર્ટ અનુસાર, પોસાય તેવી મિલકતોની કિંમતો, ઝડપથી વિકસતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વધતી રોજગારીની તકો અને જીવનની સારી ગુણવત્તાને કારણે વડોદરા જેવા શહેરો હવે ઘર ખરીદનારાઓની પ્રથમ પસંદગી બની રહ્યા છે.

મુંબઈ, અમદાવાદ, બેંગલુરુ અને દિલ્હી જેવા મહાનગરોની સરખામણીએ વડોદરામાં હજુ પણ રહેણાંક મિલકતોની કિંમતો મધ્યમવર્ગ માટે વધુ પોસાય તેવી છે. બીજી તરફ એક્સપ્રેસ-વે, રિંગ



રોડ, ઔદ્યોગિક વિકાસ, શિક્ષણ સંસ્થાઓ અને આરોગ્ય સુવિધાઓના વિસ્તરણથી શહેરમાં રહેવાનું આકર્ષણ સતત વધી રહ્યું છે.

CRISIL રિપોર્ટમાં વડોદરા ઉપરાંત સુરત, ઈન્દોર, જયપુર, લખનૌ, નાગપુર, નાશિક, કોઈમ્બતુર, ભુવનેશ્વર અને વિશાખાપટ્ટનમને પણ મધ્યમવર્ગ માટે શ્રેષ્ઠ રહેણાંક શહેરો તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

રિપોર્ટમાં જણાવાયું છે કે ટિયર-2 શહેરોમાં વધતી રોજગારી, હોમ લોનની ઉપલબ્ધતા, મોટા કદના ઘરોની માંગ અને સુવ્યવસ્થિત શહેરી વિકાસને કારણે આગામી વર્ષોમાં રહેણાંક બજારમાં વધુ વૃદ્ધિ જોવા મળી શકે છે. વડોદરા માટે આ સ્થાન શહેરના રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે સકારાત્મક સંકેત માનવામાં આવી રહ્યું છે.

### રિપોર્ટમાં આ શહેરોને પસંદ કરવાના મુખ્ય કારણો

- » પોસાય તેવી રહેણાંક મિલકતો
- » રોજગારીની વધતી તકો
- » ઝડપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ
- » ઉચ્ચ જીવન ગુણવત્તા
- » હોમ લોનની સરળ ઉપલબ્ધતા
- » શિક્ષણ અને આરોગ્યની આધુનિક સુવિધાઓ
- » ઔદ્યોગિક અને આઈટી ક્ષેત્રનો વિકાસ
- » લાંબા ગાળે મિલકતના મૂલ્યમાં વૃદ્ધિની સંભાવના
- » CRISIL Researchના Housing Hotspots 2026 રિપોર્ટમાં વડોદરા અને સુરતને ગુજરાતના એવા ટિયર-2 શહેરો તરીકે ઓળખાવવામાં આવ્યા છે, જે મધ્યમવર્ગીય પરિવારો માટે ઘર ખરીદવાની દૃષ્ટિએ દેશના સૌથી આકર્ષક વિકલ્પોમાં સામેલ છે.

### પસંદગીના ટોપ-૧૦ ટિયર-૨ શહેરો

| ક્રમ | શહેર | રાજ્ય |
|---|---|---|
| 1 | વડોદરા | ગુજરાત |
| 2 | સુરત | ગુજરાત |
| 3 | ઈન્દોર | મધ્ય પ્રદેશ |
| 4 | જયપુર | રાજસ્થાન |
| 5 | લખનૌ | ઉત્તર પ્રદેશ |
| 6 | નાગપુર | મહારાષ્ટ્ર |
| 7 | નાશિક | મહારાષ્ટ્ર |
| 8 | કોઈમ્બતુર | તમિલનાડુ |
| 9 | ભુવનેશ્વર | ઓડિશા |
| 10 | વિશાખાપટ્ટનમ | આંધ્ર પ્રદેશ |


# ન્યુ સનરાઈઝ સ્કૂલની સલામતી સામે વાલીઓની ડીઈઓ કચેરીમાં રજૂઆત

**સ્કૂલ** બિલ્ડીંગની સ્ટ્રક્ચરલ તપાસ સાથે સંચાલકો સામે કાર્યવાહીની માંગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

વડોદરામાં હરણી લેકઝોન ખાતે સર્જાયેલી દુર્ઘટનામાં બાર માસુમ બાળકો અને બે શિક્ષિકાઓના મૃત્યુ બાદ પીડિત પરિવારો હજી પણ ન્યાય માટે આશા ઝાંખી રહ્યા છે. આ ઘટનાના પડઘા ફરી એકવાર જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી ખાતે જોવા મળ્યા હતા.

હરણી લેક્ઝોન દુર્ઘટનાના પીડિત પરિવારો અને એક કાઉન્સિલર દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી ખાતે પહોંચી ન્યુ સનરાઈઝ સ્કુલના સંચાલકોની કામગીરી અને શાળાની સલામતી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. પીડિતોનું કહેવું છે કે હરણી પ્રવાસના આયોજનમાં ન્યુ સનરાઈઝ સ્કુલના સંચાલકોની સીધી ભૂમિકા અને



જવાબદારી હોવા છતાં આજ દિન સુધી તેમની સામે માત્ર દસ હજાર રૂપિયાનો દંડ ફટકારીને મામલો આટોપી લેવાનો પ્રયાસ થયો છે. જે અત્યંત દુઃખદ છે. આ ઉપરાંત તેમણે શાળાની સ્ટ્રક્ચરની સલામતીનો ગંભીર મુદ્દો રજૂ કર્યો છે. શાળાના બંને બિલ્ડીંગ આજથી 40 વર્ષ જૂના છે સૌથી ચિંતાજનક એ બાબત છે કે શાળામાં પ્રવેશ અને બહાર નીકળવા માટે માત્ર એક જ સાંકડો દાદર છે. વાલીઓમાં ભય છે કે આગ કે અન્ય કોઈ કુદરતી આપત્તિ કે દુર્ઘટના સમયે આ પરિસ્થિતિ સેકડો બાળકોના જીવને જોખમમાં મૂકી શકે એમ છે. પીડિત પરિવારોએ સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરી શાળાનું સ્ટ્રક્ચર સ્ટેબિલિટી રિપોર્ટ જાહેર કરવા અને શાળા સંચાલકો સામે કડક વહીવટી પગલા લેવા માંગણી કરી છે. પરિવારોએ સ્પષ્ટ શબ્દોમાં ચીમકી ઉચ્ચારી છે કે જો વહેલી તકે આ મામલે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો તેઓ રાજ્યના શિક્ષણ મંત્રી સુધી રજૂઆત કરવા પણ તૈયાર છે.